# 11 પરિવર્તનમાં વ્યક્તિનો ફાળો

સામાન્ય રીતે પરિવર્તનનો અર્થ ફેરફાર એવો થાય છે. આવા ફેરફારો કુદરતમાં થાય છે, સમાજમાં થાય છે, રાજ્યમાં થાય છે, સર્વત્ર થાય છે. બંધિયાર પાણી ગંધાઈ ઊઠે છે. વહેતું પાણી શુદ્ધ રહે છે. બંધ ઘરની અંદરની હવા વાસ મારતી હોય છે. એટલા માટે ઘરનાં બારીબારણાં ખુલ્લાં રાખવામાં આવે છે. વૃક્ષોનાં જૂનાં પાન ખરી પડે છે ને નવાં પાન આવે છે. ઋતુઓ પણ નિયત ક્રમે બદલાય છે ને સમગ્ર જીવનને પોષક વાતાવરણ જળવાઈ રહે છે.

બાળકના જન્મ પછી તેની શિશુ અવસ્થા બદલાઈને બાલ્યાવસ્થા આવે છે ને ક્રમશઃ યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થા પણ આવે જ છે. બાળપણના માથે ઊગેલા કાળા કેશ વૃદ્ધાવસ્થામાં સફેદ થઈ જાય છે. સફેદ વાળ ખરી જઈને માથે ટાલ પડે છે.

પાણીનાં ત્રણ સ્વરૂપ છે : ઘન, પ્રવાહી ને વાયુરૂપ. પાણીને ગરમી લાગવાથી તેની વરાળ બને છે. વરાળ આકાશમાં ઊંચે ચડે છે. ઊંચે તાપમાન નીચું હોવાથી વરાળ ઘટ્ટ બનીને તેનું વાદળ બંધાય છે. તે હવામાં તરતું ન રહી શકવાને લીધે વરસાદરૂપે નીચે આવે છે ને ધરતીને ભીંજવે છે. પરિવર્તનની આ ઘટમાળ જીવનને પોષક છે.

બીજ જમીનમાં દટાય છે. તેને માટી અને ભેજનો સંયોગ મળતાં તે અંકુરિત થાય છે ને તેમાંથી મોટું વૃક્ષ બને છે. તેને ફૂલ આવે છે. ફૂલમાંથી ફળ બેસે છે. ફળને જરૂરી પોષણ, તાપમાન મળતાં, તેની મુદતે તે પાકું થાય છે ને ડીંટામાંથી ખરી પડે છે. તે ફળમાં પાછું મૂળ બીજના જેવું જ બીજ તૈયાર થઈ જાય છે. આમ, પરિવર્તન દ્વારા એક જીવનચક્ર ચાલે છે.

આ બધાં પરિવર્તનનાં દૃષ્ટાંતો છે. એવાં બીજાં અનેક પ્રકારનાં પરિવર્તન તમને પ્રકૃતિમાં થતાં જોવા મળે એમ છે. આ બધાં કુદરતી રીતે થતાં પરિવર્તનનાં દૃષ્ટાંતો છે.

### માનવસર્જિત પરિવર્તન

લાખો વર્ષ પહેલાં મનુષ્ય જ્યારે તદ્દન પ્રાથમિક અવસ્થામાં જીવતો હતો ત્યારે વૃક્ષો ઉપર કે ગુફામાં નિવાસ કરતો હતો. વૃક્ષોની છાલ કે પશુઓનાં ચામડાં ઓઢીને અર્ધનગ્ન અવસ્થામાં જીવતો હતો. માણસના એ વખતના જીવનને અને વર્તમાન સમયના જીવનને સરખાવો. મનુષ્ય બુદ્ધિશાળી પ્રાણી છે. તેણે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને કેવાં અદ્ભુત પરિવર્તન કર્યાં છે !

પહેલાં તો તે જંગલી શિકારી પ્રાણીઓથી બીતો, પોતાનો જીવ બચાવવા તેમનાથી દૂર દૂર ભાગી જતો. હવે એવાં તમામ પ્રકારનાં પ્રાણીઓને પોતાના વશમાં કરીને, તેમને તાલીમ આપીને તેમની પાસે ખેતીનું, માલવહનનું, મુસાફરી-વાહન ખેંચવાનું, મનોરંજનનું એવાં અનેક કાર્યો તે કરાવે છે. તેમની શક્તિ ઉપર માણસે પોતાનો કાબૂ જમાવી દીધો છે.

પ્રાથમિક અવસ્થાના જીવનમાં માણસ ફળફળાદિ ને જાનવરોનો શિકાર કરીને પોતાનું જીવન ટકાવતો હતો. કોઈ પણ વસ્તુ જાતે ઉત્પન્ન કરવાની તેની પાસે આવડત નહોતી. પણ તેની પાસે બુદ્ધિ હતી. તેની પાસે નિરીક્ષણ કરવાની આંખ હતી. તેણે જોયું કે બે પથ્થર અથડાય ત્યારે તણખા ઝરે છે. તેણે એ પણ જોયું કે દાવાનળ ફાટી નીકળે ત્યારે ગમે તેવાં શક્તિશાળી પ્રાણીઓ પણ પોતાનો જીવ બચાવવા માટે નાસી જતાં હતાં. આ નિરીક્ષણને આધારે તેણે ચકમક વડે અગ્નિ પ્રગટાવવાની આવડત કેળવી લીધી. પછી તો શિકારી

પ્રાણીઓથી પોતાનો બચાવ કરવાનું તેને માટે સહેલું બની ગયું. સળગતા લાકડા વડે તે ગમે તેવા ખૂંખાર પ્રાણીને પણ ભગાડી દેવા શક્તિમાન બન્યો. તેના જીવનની સ્થિતિમાં એક નાનકડો ફેરફાર-સુધારો થયો પણ એટલામાત્રથી હિંસ્ર પ્રાણીઓનો સામનો કરવાની તેની હિંમત ઘણી વધી ગઈ.

એ કાળે માનવજીવન અસ્થાયી હતું. તેને જીવનની પાયાની જરૂરિયાત જેવાં ખોરાક-પાણી જ્યાં સહેલાઈથી મળતાં ત્યાં તે જતો. ત્યાં ખોરાક ખૂટી પડતાં પાછું બીજે જવું પડતું. આવી પરિસ્થિતિમાં પણ માણસના ધ્યાનમાં એક વાત આવી કે વરસાદ આવ્યા પછી ધરતીમાંથી અમુક છોડ ઊગી નીકળતા. તે મોટા થતા. તેને ડૂંડાં કે શિંગ બેસતી. તે પાકી જઈને તેમાંના દાણા જમીન પર વેરાતા. બીજા ચોમાસા પછી પાછા એ જ છોડ ફરી ઊગી નીકળતા. કેટલાંક વર્ષો સુધી દર વર્ષે બનતી આ ઘટના જોઈને તેણે ડૂંડાં કે શિંગોમાં તૈયાર થયેલા દાણા લઈ લીધા. તેને જમીન પર વેરી દીધા. પાણી મળ્યા પછી તે ઊગ્યા ને ફરી તેનાં ડૂંડાં-શિંગોમાંથી તેને ઘણા દાણા મળ્યા. આ નિરીક્ષણ અને ક્રિયાપ્રક્રિયા થકી તેને ખેતીની પદ્ધતિ આવડી. અગ્નિની શોધ કરતાં પણ આ શોધ વધારે પ્રભાવક હતી. એના થકી તેના જીવનમાં એક ઠેકાણે સ્થિર વસવાની શરૂઆત થઈ. માણસના ભટકતા-રખડતા જીવનમાં આ એક મોટું પરિવર્તન હતું.

જ્યારે જંગલમાં દવ લાગતો ત્યારે તેમાં કેટલાંક નાનાં પ્રાણીઓ ભૂંજાઈ જતાં. માણસ એવાં પ્રાણીઓનું માંસ ખાતો ત્યારે તેને એવી ખબર પડી કે તેણે મારેલાં પ્રાણીઓના કાચા માંસ કરતાં પેલું શેકાયેલું માંસ વધારે નરમ અને સ્વાદિષ્ટ લાગતું હતું. અગ્નિ પેટાવતાં તો તેને આવડતું જ હતું. તેથી તેણે પોતે મારેલાં પ્રાણીઓનું માંસ અગ્નિમાં શેકવાનું શરૂ કર્યું. આ અનુભવમાંથી આગળ જતાં તેને રસોઈની કળા આવડી. તેના સ્થિર વસવાટને વધારે સુદૃઢ કરવા માટે આ આવડત તેને ઘણી ઉપયોગી સાબિત થઈ. ખેતી કરીને તે જે અનાજ પકવતો હતો તેને પણ રાંધીને ખાવાનો અખતરો તેણે કર્યો અને તે કામિયાબ નીવડ્યો.

માણસના જીવનમાં નાની નાની બાબતો દ્વારા પરિવર્તન આવતું ગયું. તેમ કરતાં તેની બુદ્ધિનો પણ વિકાસ થતો ગયો. તે જે કંઈ જોતો, કુદરતમાં બનતી ઘટનાઓ, પશુપક્ષીઓના જીવનની ક્રિયાપ્રક્રિયાઓ, એ બધાનો તેના ઉપર પ્રભાવ પડતો. તે બધી બાબતો અંગે તેને મનમાં અનેક પ્રશ્નો થતા. એ પ્રશ્નોના જવાબ મેળવવાની તે નિરંતર મથામણ કરતો. એવી મથામણ કરવા થકી તેની વિચારશક્તિ ધીમેધીમે વિકસતી જતી હતી. તે જે કંઈ જોતો તેમાંથી પોતાના જીવનમાં શું ઉપયોગી છે તે સમજવાની કોશિશ કર્યા કરતો.

તેણે જોયું કે ચકલી, હોલો અને કાગડો જેવાં પક્ષીઓ ઘાસની સળીઓ ચાંચમાં લઈ જઈને ઝાડની કોક ડાળીએ યોગ્ય જગ્યાએ ગોઠવતાં ને તેમાંથી તેમનો માળો તૈયાર થઈ જતો. પછી એ માળામાં માદા ઈંડાં મૂકતી ને કાળક્રમે તેમાંથી બચ્ચાં નીકળતાં. તે માળો એ બચ્ચાંનું પ્રથમ આશ્રયસ્થાન બનતું. સુગરી જેવા પક્ષીનો ઝાડની ડાળીએ લટકતો, અંદરથી પોલાણવાળો માળો પણ તેની નજરે ચડ્યો હશે ને ? પેલા ખુલ્લા માળામાં ને આ બંધ માળામાં રહેલો તફાવત પણ તેણે જોયો ને મનોમન બંનેની સરખામણી કરી. એમાંથી એને પોતાનું આશ્રયસ્થાન બનાવવાનો વિચાર આવ્યો હોય એ સહજ છે. પછી શરૂ થઈ એવું આશ્રયસ્થાન એટલે ઘર બનાવવાની મથામણ. અનેક પ્રયત્નો અને નિષ્ફળતાઓના અંતે માણસે ઘર બનાવ્યું. કેવું ઘર ? વરસાદમાં, બરફકરાના તોફાનમાં અને સૂર્યતાપમાં કંઈક અંશે રક્ષણ આપી શકે તેવું ઘર. માનવની જીવન-યાત્રામાં આ એક મોટું પરિવર્તન હતું.

## બુદ્ધિનિષ્ઠ પરિવર્તન

માનવની જીવનયાત્રા એટલે નિરંતર ચાલતી મથામણ અને સંઘર્ષની કથા. જીવનમાં આવતી મુસીબતો, ઝંઝાવાતો સામે ઝઝૂમવાની કથા, એમાં મળતી નિષ્ફળતાઓ અને તેમાંથી નીપજતી સફળતાઓની કથા, પોતાના જીવનમાં આવતાં પરિવર્તનોની મહાગાથા. તેની આ જીવનયાત્રા લાખો વર્ષના કાળપટ પર પથરાયેલી છે. આપણે જેટલી સરળતાથી એની વાત કરીએ છીએ એટલી સરળ યાત્રા એ ક્યારેય ન હતી.

માણસની બુદ્ધિનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ એ જીવનયાત્રાની ગતિ પણ વધતી ગઈ. એણે પહેલાં તો એક સ્ત્રીના સહકાર અને સહચારમાં પોતાના કુટુંબનું સર્જન કર્યું, એવું કુટુંબ કે જેવું બીજા કોઈ જીવજગતમાં ન હતું. એવાં અનેક કુટુંબો સર્જાયાં અને એક માળાના મણકાની પેઠે એ બધાં અરસપરસના સંબંધે સંકળાયાં. આ રીતે માનવસમાજની રચના થઈ.

માનવ અને ઈતર પશુપક્ષીઓની યોનીઓ વચ્ચે જે મૂળગત તફાવત છે તે માત્ર બુદ્ધિનો છે. માનવને કુદરતે જેવી બુદ્ધિ આપી છે તેવી અન્ય કોઈ પશુપક્ષીને આપી નથી. મનુષ્યે પોતાની એ બુદ્ધિનો ઉપયોગ કરીને પોતાનો અપરિમિત વિકાસ સાધ્યો છે, તેણે પૃથ્વીનો ચહેરો બદલી નાખ્યો છે એમ કહીએ તો ખોટું નથી. હવે તો એને આ પૃથ્વી પણ પોતાના જીવન માટે નાની પડવા લાગી છે ને તે ચંદ્ર પર વસવાટ કરવાની યોજનાઓ ઘડવા લાગી ગયો છે. અન્ય કોઈ જીવજગતમાં આવું જીવનપરિવર્તન આવ્યું નથી. પશુપક્ષીઓ એકલવાયાં કે ટોળામાં જીવતાં હતાં તેમજ અત્યારે પણ જીવે છે. તેમને ઘર બાંધતાં ન આવડ્યું. ખેતી કરતાં ન આવડી. કામ કરવાનાં કોઈ સાધનો બનાવવાની તેમનામાં ક્ષમતા ન આવી, કારણ કે મનુષ્યના જેવી તેમનામાં ક્રિયાત્મક બુદ્ધિ નથી. પોતાની ક્રિયાત્મક બુદ્ધિને પ્રતાપે માનવ એકલે પંડે પોતાના તથા સમાજના જીવનને બહેતર બનાવવા નિરંતર પ્રયત્નશીલ રહે છે.

## વૈજ્ઞાનિક શોધખોળો અને પરિવર્તન

તદ્દન પ્રાથમિક દશાના જીવનમાં જે પરિવર્તન થયું તે શાને આભારી હતું ? આપણે અછડતો ઉલ્લેખ આગળ કરી ગયા. અગ્નિની શોધ અને શિકાર માટેનાં ઓજારોનું નિર્માણ એ વ્યક્તિગત માનવના પ્રયત્નોનું પરિણામ છે. માનવજીવનમાં ખૂબ નોંધપાત્ર ફેરફાર લાવનારી શોધ તે ચક્રની કે પૈડાની શોધ હતી. તેનાથી માનવની ગતિશીલતા વધી ગઈ હતી.

પહેલાં માનવ પગે ચાલીને મુસાફરી કરતો. તે દોડી શકે તેટલી તેની વધારેમાં વધારે ગતિ ત્યારે હતી. કાળક્રમે તેણે પશુપાલનની આવડત કેળવી. તેણે ઘોડાને પાળીને તેના ઉપર સવારી કરવા માંડી. આ ઘોડેસવારીએ તેના જીવનમાં ખૂબ ઝડપી ગતિનો સંસાર થયો. હજારો વર્ષો સુધી ઘોડો સૌથી ઝડપી મુસાફરીનું સાધન હતું. આજે શી સ્થિતિ છે ?

પાણીની વરાળ બને, એ વરાળમાં અપાર શક્તિ છે. વરાળની શક્તિનો ઉપયોગ કરીને જૅમ્સ વૉટ નામના વિજ્ઞાનીએ વરાળયંત્રની શોધ કરી. એ શોધથી ઘોડા કરતાં વધારે ઝડપી ગતિનું મુસાફરીનું સાધન-રેલવેગાડી માનવને પ્રાપ્ત થઈ. તે પછી મોટરગાડી અને છેલ્લે વિમાનની શોધે દુનિયાને એક વિશ્વગ્રામ બનાવી દીધી છે. તારટેલિફોન, મોબાઈલ ફોન, કમ્પ્યૂટર ને ઈન્ટરનેટ, વીજળી ને તેનાથી ચાલતાં અનેક પ્રકારનાં યંત્રો-આ બધી જ શોધખોળોએ સમાજના જીવનને ધરમૂળથી પલટી નાખ્યું છે તે કોણ નથી જાણતું ?

## બે પ્રકારના લોકો

સમાજમાં બે પ્રકારના લોકો જોવા મળે છે : યથાસ્થિતિવાદી અને પરિવર્તનવાદી. યથાસ્થિતિવાદી એ લોકો છે કે જે જીવનમાં જે પરિસ્થિતિમાં જીવતા હોય તેનાથી સંતુષ્ટ હોય. એવી સ્થિતિ બરાબર નથી, અનેક

અગવડો જીવનમાં ભોગવવી પડે છે માટે આવું તો ન જ ચલાવી લેવાય એવો વિદ્રોહી વિચાર તેમનાં મનમાં ઉદ્ભવે જ નહિ. એમનું વલણ 'રામ રાખે તેમ રહીએ ઓધવજી, રામ રાખે તેમ રહીએ' એવું હોય છે.

આવા લોકો લાખો વર્ષોથી એવી માન્યતામાં જીવતા હતા કે પૃથ્વી સ્થિર છે, સૂર્ય તેની આસપાસ ફરે છે. હિંદુ ધર્મના લોકોમાં એવી માન્યતા હતી કે પૃથ્વી કાચબાની પીઠ પર ઠરીને સ્થિર રહેલી છે. આવી બીજી ઘણી ખોટી માન્યતાઓ અને અંધશ્રદ્ધાઓ સમાજમાં જડ ઘાલીને પ્રચલિત થઈ ગઈ હતી. યથાસ્થિતિવાદી લોકોને આવી બાબતો વિષે કદી શંકા ઊઠતી જ ન હતી. તેઓ તો પ્રાપ્ત પરિસ્થિતિથી સંતુષ્ટ હતા.

જે પરિવર્તનવાદી લોકો હોય છે તેઓ જીવનમાં આવી પડતા સંજોગોને વિનાવિરોધે સ્વીકારી લેવાને બદલે તે સંજોગોને બદલવા માટે પુરુષાર્થ કરે છે. તેમની બુદ્ધિ તેજ હોય છે. તેમના મનમાં પ્રાપ્ત પરિસ્થિતિ વિષે અનેક પ્રશ્નો ઉદ્ભવે છે ને એ પ્રશ્નોના ઉકેલ ન મળે ત્યાં સુધી તે જંપીને બેસતા નથી.

વિજ્ઞાની ન્યૂટન એક સફરજનના ઝાડ નીચે બેઠો બેઠો તેના વિજ્ઞાનના વિષયનું ચિંતન કરતો હતો એવામાં ઝાડ ઉપરથી એક સફરજન નીચે પડ્યું તે તેણે જોયું. થોડી વાર પછી તેના મનમાં પ્રશ્નોની પરંપરા ઉત્પન્ન થઈ : આ સફરજન નીચે જ કેમ પડ્યું ? તે ઊંચે આકાશમાં કેમ ન ગયું ? તે આજુબાજુની કોઈ દિશામાં કેમ ન ગયું ? તે નીચે જ પડ્યું માટે જરૂર તેને કોઈ બળ નીચે તરફ ખેંચતું હશે. એ કયું બળ હશે ? પછી તો જૂનાં પુસ્તકો ઉથલાવ્યાં ને તેમાંથી તેણે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો નિયમ શોધી કાઢ્યો. સફરજનને નીચે પડતું હજારો-લાખો લોકોએ જોયું હશે. તેમને કોઈને તે બાબતે કંઈ પ્રશ્ન ન થયો. તે બધા લોકો યથાસ્થિતિવાદી ને ન્યૂટન પરિવર્તનવાદી. આવી વ્યક્તિઓ જ પરિવર્તન કરી શકે છે.

તપેલીમાં મૂકેલું પાણી ઊકળવા લાગે ત્યારે તેમાં બનતી વરાળ બહાર નીકળવા માટે ઉપર મૂકેલા ઢાંકણાને ધક્કો મારે. આથી ઢાંકણું થોડું ઊંચું થાય ને વરાળ બહાર નીકળી જાય એટલે પાછું નીચે પડી જાય. જ્યાં સુધી પાણી ઊકળ્યા કરે ત્યાં સુધી ઢાંકણાનું ઊંચુંનીચું થવું પણ ચાલુ રહે. આ સ્થિતિ લાખો લોકોએ જોએલી હતી. કોઈને એ વરાળની શક્તિ વિષે પ્રશ્ન ન થયો પણ જૅમ્સ વૉટ નામનો એક માણસ હતો તેને કુતૂહલ થયું ને તેણે પુસ્તકો ઉથલાવ્યાં. તેમાંથી વરાળની શક્તિનો તેને ખ્યાલ આવ્યો ને તેનો ઉપયોગ કરીને તેણે વરાળથી ચાલતું યંત્ર બનાવ્યું. એમાંથી દુનિયાને મળી આગગાડી-રેલવેગાડી.

**આર્થિક અસમાનતા**

સમાજમાં જાતિના આધારે વ્યક્તિઓના બે વર્ગ થાય છે : પુરુષ અને સ્ત્રી. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો, જીવનના લગભગ દરેક ક્ષેત્રમાં પુરુષોનું મજબૂત વર્ચસ્વ છે. વસ્તીમાં સ્ત્રીઓની અડધી સંખ્યા હોવા છતાં તેમની ઇચ્છા-આકાંક્ષાઓની અવગણના થતી આવી છે ને તેમનું સ્થાન ઊતરતું ગણાયું છે. વળી, સ્ત્રીઓ પાસે મિલકતનો અધિકાર ન હતો તેથી તેમનો દરજ્જો નીચો ગણાઈ ગયો છે. સમાજમાં વ્યક્તિનો દરજ્જો તેની આર્થિક સ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે. વ્યક્તિને કેવા આર્થિક હક પ્રાપ્ત થયેલા છે અને તેને આર્થિક પ્રવૃત્તિમાં ભાગીદારી કરવા માટે કેટલી તકો મળી રહે છે તેના ઉપર તેનો આર્થિક દરજ્જો આધાર રાખે છે.

સમાજમાં બધા વર્ગોને આર્થિક પ્રવૃત્તિઓની સમાન તક મળતી નથી. તેથી સમાજમાં ખૂબ મોટા પ્રમાણમાં આર્થિક અસમાનતા જોવા મળે છે. એક બાજુ ખૂબ જ ધનવાન લોકો જોવા મળે છે, તેઓ સમાજમાં ઘણી નાની લઘુમતીમાં હોય છતાં સમાજમાં તેમનું વર્ચસ્વ ને પ્રભુત્વ હોય છે. બીજી બાજુ મોટી સંખ્યામાં લોકો ગરીબીમાં જીવતા હોય છે ને તેમની મોટી બહુમતી હોવા છતાં તેઓ ધનવાનોથી દબાઈને જીવતા હોય છે. વ્યક્તિની આર્થિક સ્થિતિ તેના સામાજિક દરજ્જાને નક્કી કરવાનું પરિબળ બને છે. સમાજ વિકસિત છે કે અવિકસિત છે તે પણ તેની આર્થિક સ્થિતિના આધારે નક્કી થતું હોય છે. જે સમાજમાં વ્યક્તિનો સરેરાશ

આર્થિક દરજ્જો ઊંચો હોય તે સમાજ વિકસિત ગણાય છે. સમાજમાં વ્યક્તિનો મોભો અને માનમરતબો તેની આર્થિક સ્થિતિ ઉપર આધાર રાખે છે. જેની આર્થિક સ્થિતિ સારી હોય તેમનાં સંતાનોને સારું શિક્ષણ મળે છે ને તેથી તેઓ ઊંચા દરજ્જાની નોકરીઓ મેળવી શકે છે કે મોટા ઉદ્યોગવેપારના ધંધા કરી શકે છે. આર્થિક રીતે નબળા વર્ગોના લોકો ખેતી, પશુપાલન કે સામાન્ય મજૂરી કરીને પોતાનો જીવનનિર્વાહ કરે છે. આર્થિક રીતે સંપન્ન લોકોના જીવનમાં શિક્ષણના વિકાસને કારણે પરિવર્તન સરળતાથી થતું હોય છે. તેમનું મન નવા વિચારોને ઝીલવા માટે વધારે તત્પર હોય છે. એવા લોકો ઉદારતાવાદી હોવાને લીધે તેમનામાં રૂઢિચુસ્તતા પ્રમાણમાં ઓછી હોય છે. સામાન્ય સ્થિતિના લોકોમાં વૈચારિક આદાનપ્રદાન ઘણું ઓછું હોવાને લીધે એવા લોકો જુનવાણી અને રૂઢિવાદી હોય છે. તેમનાં જીવન ચીલાચાલુ અને યથાસ્થિતિવાદી હોય છે.

જે લોકો ધનવાન હોય છે તે પોતાની સંપત્તિના જોરે સમાજમાં સત્તાનાં સ્થાન મેળવવા હંમેશાં પ્રયત્ન કરતા હોય છે. સંપત્તિ અને સત્તાને ઘનિષ્ઠ સંબંધ હોય છે. સંપત્તિ વડે સત્તા મેળવી શકાય છે ને સત્તા વડે સંપત્તિ મેળવી શકાય છે. સત્તાનો ઉપયોગ સમાજના અન્ય વર્ગોને દબાવવામાં ને તેમનું શોષણ કરવામાં થતો હોય છે. શોષણ દ્વારા શોષિત વર્ગોને કાયમ ગરીબીમાં રાખીને તેમના ઉપર આધિપત્ય ટકાવી રાખવામાં આવે છે. દુષ્કાળ કે બીજી કુદરતી આફતો વખતે એવા ધનિકો ગરીબ આફતગ્રસ્ત લોકોને મદદ કરીને સમાજમાં ઘણી વાહ વાહ અને પ્રતિષ્ઠા મેળવી લે છે ને તેમનું વર્ચસ્વ ટકાવી રાખવામાં આવા પ્રસંગોનો બહુ કુશળતાપૂર્વક ઉપયોગ કરી લેતા હોય છે.

**ધાર્મિક અજ્ઞાન**

ધર્મ એટલે ધારણ કરવું. જે વ્યક્તિ અને સમાજને ટકાવી રાખે તે ધર્મ છે. જે કાર્યથી બધા લોકો પરસ્પર સંકળાયેલા રહે તે સાચો ધર્મ છે. જે કાર્યથી સર્વનું કલ્યાણ થાય તે જ ધર્મ છે. જે કાર્યથી કોઈને પણ હાનિ ન પહોંચે, દુઃખ ન થાય તે ધર્મ છે. જે મનુષ્યોને જુદા પડતાં રોકે તેનું નામ ધર્મ. ધર્મનું કામ મનુષ્યોને પરસ્પરનાં વેરઝેર ને લડાઈ-ઝઘડાથી બચાવીને તેમને એકબીજાની સાથે પ્રેમથી બાંધી રાખવાનું છે.

સર્વત્ર એક પરમાત્માની શક્તિ જ કાર્ય કરી રહી છે. સર્વ જીવોમાં, મનુષ્યોમાં, નાનાંમોટાં પ્રાણીઓમાં ને જીવજંતુઓમાં પણ એક જ પરમાત્માની ચેતના વ્યાપેલી છે. એની જ શક્તિથી સર્વનું હલનચલન થાય છે. આવી પ્રભુપરાયણતાની ભાવના રાખવી તે જ ધર્મ છે.

ધર્મની સાચી સમજણવાળા લોકોનું વર્તન સૌનાં સુખદુઃખમાં સહભાગી થનારું હોય છે. તેવા લોકો કોઈને દુઃખ દેતા નથી. કોઈનું બૂરું કરતા નથી. કોઈને અન્યાય કરતા નથી. સૌને માટે પોતાના દિલમાં સમભાવ રાખે છે. એ સૌને પોતાના જેવો જ - आत्मवत् ગણે છે. એવી રીતે જીવનારા લોકો સાચા અર્થમાં ધાર્મિક છે. જનસેવા કરતાં કરતાં પ્રભુને પામવાનો સતત પ્રયત્ન કરવો એનું નામ ધર્મ છે.

ધર્મની આવી ઉમદા ને ઉદાત્ત ભાવના છે. દરેક વ્યક્તિ પોતાની કાચીપાકી સમજણ અને શ્રદ્ધા પ્રમાણે ધર્મના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરતી હોય છે. એવા સામાન્ય લોકોને ધર્મનો સાચો માર્ગ બતાવીને તેમને માર્ગદર્શન આપવું એ દરેક ધર્મના ધર્મગુરુઓ, પુરોહિતો ને યાજ્ઞિકોનું કર્તવ્ય છે. પણ બધા ધર્મગુરુઓ સરખા હોતા નથી. જે બની બેઠેલા ધર્મગુરુઓ હોય છે તેઓ લોકોને ધર્મના નામે અંધશ્રદ્ધાના ઊંડા કૂવામાં નાખીને તેમને અજ્ઞાનમાં સબડાવે છે ને તેમનું શોષણ કરે છે.

મધ્યયુગમાં યુરોપમાં ખ્રિસ્તી ધર્મના ધર્મગુરુઓ, પોપ, બિશપ, કાર્ડિનલ વગેરે ખ્રિસ્તીઓને તેમનાં પાપ માફ કરવાનાં માફીપત્રો લખી આપતા હતા કે જેથી તેમના મૃત્યુ પછી તેમનાં પાપ દયાળુ ઈસુ માફ કરી દે ને તેમને મોક્ષ મળે. સાચો ખ્રિસ્તી ધર્મ શું છે, તે ધર્મના સિદ્ધાંતો કયા છે ને ધર્મનું કેવું આચરણ કરવું

જોઈએ તે તો ખ્રિસ્તી ધર્મના ધર્મપુસ્તક બાઇબલમાંથી જાણવા-સમજવા પામે. પણ લોકો નિરક્ષર ને બાઇબલ લૅટિન ભાષામાં હોવાથી એ કોઈ વાંચી શકતું નહિ ને ધર્મના નામે આવી છેતરપિંડી ને ઢોંગ ચાલતો હતો. એવો ઢોંગ અને બનાવટ કરનારા ધર્મગુરુઓનું જીવન ખૂબ જ વિલાસી અને બૂરાઈઓથી ભરેલું હતું. તેઓ લોકો પાસેથી કરવેરા ઉઘરાવતા હતા. તેમનું શોષણ કરતા હતા.

આવા ઢોંગી ને ધુતારા ધર્મગુરુઓ સામે માર્ટિન લ્યુથર નામના એક સાચા ખ્રિસ્તીએ વિરોધ કર્યો. તેણે બાઇબલનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો ને તે છપાવીને પ્રસિદ્ધ કર્યું. પછી યુરોપની બીજી ભાષાઓમાં પણ બાઇબલ છપાયું. એટલે ભણેલા લોકો તે વાંચીને સાચા ખ્રિસ્તી ધર્મને સમજવા શક્તિમાન બન્યા. એથી ખ્રિસ્તી ધર્મગુરુઓનો માફીપત્રોનો વેપાર ખુલ્લો પડી ગયો ને લોકો તેવા ખ્રિસ્તી ધર્મનો વિરોધ કરવા લાગ્યા. આ રીતે જે લોકો વિરોધ કરવા લાગ્યા તેઓ પ્રૉટેસ્ટન્ટ કહેવાયા ને તેમણે સુધારેલા ખ્રિસ્તી ધર્મને સ્વીકાર્યો. જૂના ધર્મને વળગી રહેનારા રોમન કૅથલિકો કહેવાયા. ધર્મમાં સુધારાની આવી રીતે જે ઝુંબેશ ચાલી તેની આગેવાની લેનાર માર્ટિન લ્યુથર ઇતિહાસના પાને એક ધર્મસુધારક તરીકે અમર થઈ ગયો છે.

હિંદુ ધર્મ દુનિયામાં સૌથી પ્રાચીન ધર્મ છે. ખ્રિસ્તી ધર્મની સ્થાપના ઈસુખ્રિસ્તે કરી. ઇસ્લામની સ્થાપના હજરત મહંમદ પયગંબરે કરી. તેમ હિંદુ ધર્મની સ્થાપના કોઈ એક ધર્મપુરુષે નથી કરેલી. તેના કોઈ સ્થાપક નથી. તે ધર્મની મૂળ વાતો વેદગ્રંથોમાં સંગ્રહાયેલી છે. વેદો જગતમાં જૂનામાં જૂના ગ્રંથ છે. છતાં હિંદુ ધર્મનું ધર્મપુસ્તક ભગવદ્‌ગીતા ગણાય છે. ભગવદ્‌ગીતામાં ઉપદેશેલા ધર્મમાં કાળક્રમે ઘણા ફેરફારો થયા ને તેમાં કર્મકાંડો વધી ગયા. ધર્મના નામે યજ્ઞો થતા ને તેમાં મોટા પાયે પશુબલિ અપાતા. દયા, કરુણા, નીતિ, પ્રમાણિકતા, સેવા, પરોપકાર, પ્રેમ, સહકાર, સમભાવ વગેરે સદ્‌ગુણોનો આચાર ભુલાઈ ગયો ને પુરોહિતવર્ગે પૂજા અને ઉપાસનાની ઘણી અટપટી વિધિઓ વિકસાવી. સામાન્ય લોકોને વેદાધ્યાનની મનાઈ કરવામાં આવી. એટલે ધીમેધીમે સાચો વેદધર્મ ભુલાઈ ગયો ને ધર્મના નામે હિંસાચાર વધી ગયો. સમાજ એવા ઢોંગી ધર્મનો ભોગ બન્યો.

એ ધર્મના નામે ચાલતા અનાચાર અને દુરાચારની સામે ભગવાન બુદ્ધે બગાવત કરી ને કરુણા-અહિંસાના પાયા ઉપર ધર્મસુધારણાનું કામ કર્યું. એમણે ઉપદેશેલો ધર્મ બૌદ્ધધર્મના નામે ઓળખાયો. બુદ્ધના કરુણામય વ્યક્તિત્વના પ્રભાવે ને સાદા સરળ ધર્મના ઉપદેશથી તેમના ધર્મનો ફેલાવો થયો. હિંદુ ધર્મની જે મૂળ વર્ણવ્યવસ્થા હતી તે વખત જતાં જ્ઞાતિવ્યવસ્થામાં ને ઊંચનીચના ભેદભાવમાં પરિણમી હતી. પ્રભુએ સર્જેલાં સૌ મનુષ્યો સમાન છે એ વાત પર બુદ્ધ ભગવાને ભાર મૂક્યો ને તેથી બૌદ્ધ ધર્મમાં એવા ઊંચનીચના ભેદભાવને સ્થાન ન હતું તેથી લોકોએ ઝડપથી એ ધર્મને સ્વીકારી લીધો.

### ધર્મસુધારણા ને સમાજપરિવર્તન

ભારત લગભગ સાડા સાતસો વર્ષ સુધી અર્ધગુલામી કે રાજકીય પરાધીનતામાં રહ્યું. એ સાત સદીનો સમય સમાજમાં સર્વ પ્રકારે સ્થગિતતાનો સમય હતો. કોઈ દેશમાં આટલા લાંબા કાળ સુધી રાજકીય પરાધીનતાનો દાખલો જોવા નહિ મળે. એ સમય દરમ્યાન લોકોની સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક, આર્થિક બધી રીતે અવનતિ થતી રહી. પરિણામે સમાજમાં અનેક સામાજિક કુરૂઢિઓ ને અનિષ્ટો ફૂલ્યાંફાલ્યાં. એવું જ ધર્મક્ષેત્રે પણ બન્યું. સનાતન ધર્મના નામે જ્ઞાતિજાતિપ્રથા ખૂબ વિકસી ને ઊંચનીચના અનેક પ્રકારના ભેદભાવોના કારણે સમાજ વેરવિખેર થઈ ગયો. ધર્મનાં સનાતન મૂલ્યો પર શરૂ થયેલો વેદપ્રબોધિત ધર્મ ભુલાઈ ગયો ને તેના બદલે કર્મકાંડ ને ટીલાંટપકાંથી ઓળખાતી ધર્મવિધિઓ પ્રસરી.

જ્યારે પણ સમાજમાં કે ધર્મમાં અનિષ્ટો પેસે છે, અનાચાર ને દુરાચાર ફેલાય છે ત્યારે કોઈ એવા પ્રબુદ્ધ આત્માનો આવિર્ભાવ થાય છે કે જે હિંમતપૂર્વક, બે હાથ ઊંચા કરીને, પોકાર પાડીને એવાં અનિષ્ટો ને દુરાચાર સામે બળવો પોકારે છે ને લોકોને સાચા ધર્મનું સ્વરૂપ ઉપદેશે છે. ઓગણીસમી સદીમાં એવા જ એક પ્રબુદ્ધ સંત સ્વામી દયાનંદ થયા. તેમણે ધર્મમાં પેસી ગયેલા સડાને દૂર કરવા માટે અસલ વેદ ધર્મની પુનઃસ્થાપના કરવાનો ભગીરથ પુરુષાર્થ કર્યો. તેમણે આર્યસમાજની સ્થાપના કરીને ધર્મસુધારણાનું કાર્ય આરંભ્યું. સ્વામી દયાનંદનો જન્મ સૌરાષ્ટ્રમાં મોરબી પાસે ટંકારા ગામે થયો હતો પણ તેમનો પ્રભાવ ઝિલાયો પશ્ચિમોત્તર ભારતમાં - પંજાબમાં આર્યસમાજનો સંદેશો ઝિલાયો ને ત્યાં પ્રાચીન ગુરુકુળ પ્રણાલીની શિક્ષણસંસ્થાઓ સ્થપાઈ ને સ્ત્રીશિક્ષણનો પણ વિશેષ પ્રચાર થયો.

અંગ્રેજ સરકારના રાજ્યકાળ દરમ્યાન ભારતમાં ઘણા ખ્રિસ્તી પાદરીઓ આવ્યા. તેઓ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતા હતા ને લોકોમાં વટાળપ્રવૃત્તિ દ્વારા ધર્મપરિવર્તન કરાવતા હતા. ભારતનાં શહેરો ને ગામડાંની પ્રજા ભલે અભણ ને નિરક્ષર હોય, તે અજ્ઞાન તો નહોતી જ. પોતાના ધર્મમાં તેમની શ્રદ્ધા ઘણી પાકી હતી. તેથી મુસ્લિમ રાજ્યકાળ દરમ્યાન પણ જે ધર્મપરિવર્તન થયાં હતાં તે બળજબરી ને જોરજુલમથી, તલવારના બળે જ થયાં હતાં. લોકો સ્વેચ્છાએ કદી પોતાનો ધર્મ છોડતા નહોતા. ખ્રિસ્તી પાદરીઓએ બળજબરીના બદલે દલિતો ને ગરીબોની સેવાનો માર્ગ અપનાવ્યો. તેમને માંદગીમાં મફત સારવાર આપવા લાગ્યા. અનાવૃષ્ટિ-દુષ્કાળના સમયમાં મફત અનાજ, તેલ વગેરે આપવા લાગ્યા. તેમનાં બાળકોને મિશનરી શાળાઓમાં રાખીને મફત ભણાવવાનું પણ કરતા. આવી મદદ કે સેવાના કારણે ગરીબો-ખાસ કરીને જંગલવિસ્તારના રહેવાસીઓ અને એ સમયના અસ્પૃશ્ય લોકો તેમના તરફ ખેંચાઈને ખ્રિસ્તી થઈ જતા હતા.

આઝાદી પહેલાં આવા મિશનરી પાદરીઓને અંગ્રેજ સરકાર બધી જ રીતે ઉત્તેજન આપતી હતી. આઝાદી આવ્યા પછી પણ ધર્માંતરણને રોકવા સરકારોએ કોઈ કાયદાકીય પગલાં લીધાં નહિ પણ હિંદુ ધર્મના લોકો ઉપર જેમને જોખમ દેખાયું એવી કેટલીક સંસ્થાઓએ જંગલ વિસ્તારમાં લોકોની મદદ કરવાની પ્રવૃત્તિ શરૂ કરી. ત્યાં એમણે એક શિક્ષકની શાળાઓ-એકલ વિદ્યાલયો શરૂ કર્યાં. બીજી મદદ પણ જરૂરિયાતવાળા લોકોને આપવાનું શરૂ કર્યું. આવી સંસ્થાઓમાં સ્વામિનારાયણ સંપ્રદાય, વિશ્વ હિંદુ પરિષદ, ગુજરાત વનવાસી વિકાસ પરિષદ નોંધપાત્ર કામ કરે છે. આઝાદી પહેલાંથી શ્રી જુગતરામ દવે સુરત જિલ્લામાં વેડછી આશ્રમ દ્વારા હળપતિ, દૂબળા, આદિવાસી વગેરે લોકોમાં શિક્ષણ તથા તેની સાથે ખેતી-પશુપાલન દ્વારા તેમનું જીવનધોરણ સુધારવાનું કામ કરતા હતા.

આવું કામ પંચમહાલ જિલ્લામાં શ્રી ઠક્કરબાપા અને તેમના સાથીઓએ કર્યું હતું. તો સાબરકાંઠામાં શ્રી નરસિંહભાઈ ભાવસારે શામળાજીમાં આશ્રમ સ્થાપીને પ્રભાવશાળી કામ કર્યું હતું. આવા સમાજસેવકોએ આદિવાસી વિસ્તારમાં જે કામ કર્યું તેના કારણે ત્યાંના આદિવાસી લોકો શિક્ષણ દ્વારા તેમનાં વ્યસનોથી મુક્ત થયા. તેમનાં છોકરા-છોકરીઓ ભણ્યાં તેથી તેમની નવી પેઢી અનેક સરકારી અર્ધસરકારી નોકરીઓ કરતી થઈ ને તેઓ સમાજના અગ્રવર્ગોની હરોળમાં આવ્યા. તેમના વિસ્તારમાં દારૂતાડી ઘણાં ઓછાં થયાં, ખેતી સુધરી, સારા પશુપાલન દ્વારા તેમની આવકો વધી, તેમણે પોતાના માટે પાકાં મકાનો બનાવ્યાં. આમ, તેમના જીવનમાં વ્યાપક પરિવર્તન આવ્યું. હજારો વર્ષોથી તેઓ જે અજ્ઞાન અને કુરૂઢિઓનો ભોગ બન્યા હતા તેમાંથી મુક્ત થઈને બહેતર જીવન જીવતા થયા. એથીય વધારે નોંધપાત્ર બાબત તો એ છે કે, તેમનું આર્થિક જીવનસ્તર સુધરવાથી તેઓ ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ધર્માંતરનો ભોગ બનતા હતા તે મહદંશે બંધ થયું.

**અસ્પૃશ્યતાનિવારણ**

મહાત્મા ગાંધીનો આ સંદેશ દેશના બંધારણમાં સ્વીકારાયો તે પહેલાં ત્રણેક દાયકાથી મહારાષ્ટ્રના એક બ્રાહ્મણ સજ્જન શ્રી મામાસાહેબ ફડકેએ ગોધરામાં આવીને ધૂણી ધખાવી ને ભંગી લોકોની સેવામાં ખૂંપી ગયા. ત્યાં તેમણે અસ્પૃશ્ય બાળકોને ભણાવવાની શરૂઆત કરી ને પછી તેમને સંસ્કારવાના કામમાં જિંદગી ઘસી નાખી. એવા બીજા એક બ્રાહ્મણ તપસ્વી શ્રી પરીક્ષિતલાલ મજમુદાર સાબરમતી ગાંધી આશ્રમમાં બેઠા. ગુજરાત હરિજન સેવક સંઘના પ્રમુખ થયેલા ને ગુજરાતમાં સમાજકલ્યાણ ખાતાની સહાયથી પછાતવર્ગ છાત્રાલયો ચલાવતા. આશ્રમમાં પણ હરિજન કન્યા છાત્રાલય શરૂ કરીને આખા ગુજરાતમાંથી હરિજન છોકરીઓને ત્યાં લાવીને ભણાવતા. પરિવર્તનનું પાયાનું કામ તેમણે શિક્ષણ દ્વારા વર્ષો સુધી કરેલું એનાં સુપરિણામ આજે ગુજરાતમાં સારી રીતે જોવા મળે છે. શિક્ષણની સાથે સાથે હરિજનોને થતા અન્યાય-અત્યાચારમાં સરકારી રાહે અને ગાંધીચિંધ્યા રસ્તે એમને ન્યાય મળે તે માટે તેઓ આખા ગુજરાતમાં દોડાદોડી કરતા. આ બંને સેવકોએ હરિજનસેવામાં જ સમગ્ર જીવન અર્પી દીધાં હતાં. એમના કામને પરિણામે ગુજરાતમાં હરિજનોની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો હતો.

**મહિલાકલ્યાણ**

ગુજરાતમાં મહાત્મા ગાંધીના પ્રતાપે સમાજના વિવિધ વર્ગોમાં જાગૃતિ આવી હતી. એમાં સ્ત્રીસમાજ કેવી રીતે બાકાત રહી શકે ? આઝાદીના આંદોલનમાં અનેક સ્ત્રીઓએ ભાગ લેવાની શરૂઆત કરી. તે દરમ્યાન કેટલીક પ્રબુદ્ધ મહિલાઓએ સ્ત્રીઓની સેવા અને પ્રગતિનાં સ્થાયી કાર્યો શરૂ કર્યાં હતાં. તેમાં શ્રી પુષ્પાબહેન મહેતાનું નામ મોખરે છે. તેમણે જૂનાગઢમાં ત્યક્તા, નિરાધાર, તરછોડાયેલી બહેનોને આશ્રય મળે એવા શુભ હેતુથી ત્યાં વિકાસગૃહ નામની સંસ્થા શરૂ કરી હતી. તેની સફળતાથી પ્રેરાઈને તેમણે વઢવાણમાં એવું બીજું વિકાસગૃહ શરૂ કર્યું હતું. છેલ્લે છેલ્લે તેમણે અમદાવાદમાં પણ વિકાસગૃહની સંસ્થા શરૂ કરી હતી. આ સંસ્થાઓ જે-તે વિસ્તારની દુઃખી, શોષિત અને તરછોડાયેલી બહેનો માટે પિયરગૃહની ગરજ સારતી હતી. એમનું નમૂનેદાર કામ જોઈને સરકારે પણ નારીસંરક્ષણગૃહોની યોજના બનાવી ને ઘણા જિલ્લાઓમાં એવાં ગૃહ શરૂ કર્યાં. વિકાસગૃહ હોય કે નારીસંરક્ષણગૃહ, સમાજમાં જે સ્ત્રીઓ અન્યાય અને દુરાચારનો ભોગ બનતી હોય તેમને ત્યાં આશ્રય મળે છે ને તેમના જીવનમાં પુનઃ આશાનો સંચાર થાય છે.

અમદાવાદમાં શ્રીમતી મૃણાલિનીબહેન સારાભાઈએ સ્ત્રીઓને વિવિધ પ્રકારે સહાય કરવા માટે જ્યોતિસંઘ નામની સંસ્થા સ્થાપી હતી. એ સંસ્થામાં શરૂઆતનાં ઘણાં વર્ષો સુધી ચારુમતીબહેન યોદ્ધા નામનાં એક ઘણાં તેજસ્વી અને બહાદુર મહિલા આગેવાન કામ કરતાં હતાં. તેઓ પીડિત મહિલાઓને શહેર કે ગામ નજીક કે દૂર, જ્યાં હોય ત્યાં એમના ઘરમાંથી હિંમતપૂર્વક લઈ આવતાં ને જ્યોતિસંઘમાં કામચલાઉ આશરો આપતાં. તે સ્ત્રીના સાસરી પક્ષના લોકોને પોતાની ઑફિસે બોલાવીને મતભેદ-ઝઘડાનો ઉકેલ કરાવી આપતાં, ને તેમ ન થાય તો તે સ્ત્રીને વિકાસગૃહમાં મોકલી આપતાં. ત્રાસ, મારપીટનો ભોગ બનેલી જે સ્ત્રીઓને પોલીસ પણ છોડાવી શકતી ન હતી તેમને ચારુમતીબહેન એકલપંડે છોડાવીને લઈ આવતાં હતાં.

વિકાસગૃહ, જ્યોતિસંઘ, નારીસંરક્ષણગૃહ જેવી સંસ્થાઓએ તરછોડાયેલી સ્ત્રીઓને સહાય કરવાનું જે અમૂલ્ય કામ કર્યું તેનાથી ગુજરાતનો સ્ત્રીસમાજ વધારે સુરક્ષિત બન્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

ખ્રિસ્તી ધર્મપ્રચારકો વટાળપ્રવૃત્તિ દ્વારા સમાજને જે નુકસાન કરી રહ્યા હતા તેનો સામનો કરવા સ્વામી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશન નામની સંસ્થાની કલકત્તામાં સ્થાપના કરીને સ્વામી રામકૃષ્ણ પરમહંસના તમામ અનુયાયી સંન્યાસીઓને ગરીબોની સેવામાં જોતરી દીધા. ત્યારથી

રામકૃષ્ણ મિશન સમાજસેવા અને ધર્મપ્રસાર બંને કામો દ્વારા સમાજની જૂનીપુરાણી બદીઓને દૂર કરીને સમાજને સ્વસ્થ અને સમાનતા આધારિત બનાવવાનું કામ કરી રહ્યું છે. લોકોમાં ધર્મની ઘર કરી ગયેલી ખોટી માન્યતાઓ દૂર થાય અને સાચા ધર્માચરણની સમજણ વધે તો તે સમાજ માત્ર ધાર્મિક અનિષ્ટોથી મુક્ત થાય છે; એટલું જ નહિ તે ઘણાં સામાજિક દૂષણોથી પણ મુક્ત થાય છે.

છેલ્લી અડધી સદીથી એવો જ ધર્મસુધારણા દ્વારા સમાજસુધારણાનો અનોખો અને અવિરત પુરુષાર્થ ગાયત્રી પરિવાર દ્વારા દેશભરમાં ચાલી રહ્યો છે. ગાયત્રી પરિવારના સ્થાપક અને પ્રવર્તક પં. શ્રીરામ શર્મા દિવ્યાત્માની કોટિના સંત હતા. તેમણે ભારતમાં ભુલાઈ ગયેલી ગાયત્રી ઉપાસનાને પુનર્જીવિત કરીને તેનો વ્યાપક પ્રચાર કર્યો. એ ગાયત્રી પરિવારના અનુયાયીઓ ગાયત્રી ઉપાસનાની સાથે સાથે સમાજમાં પ્રવર્તતાં દૂષણો, કુરૂઢિઓ અને ઊંચનીચના ભેદભાવોને દૂર કરવાનું કામ પણ કરે છે. આ કોટિમાં કેરાલાનાં માઆનંદમયીને પણ ન ભૂલી શકાય. તેઓ પણ નામ પાડ્યા સિવાય સમાજમાં ધર્મ અને અધ્યાત્મની સાચી સમજણ વિકસાવવાની સાથે સાથે શિક્ષણસંસ્થાઓ અને આરોગ્યાલયો દ્વારા સમાજસેવા ને સમાજપરિવર્તનનું કામ વ્યાપક પાયા પર કરી રહ્યાં છે.

અમદાવાદ જિલ્લાનો ભાલ વિસ્તાર નપાણિયો વિસ્તાર. 'કપાળમાં વાળ હોય તો ભાલમાં ઝાડ હોય' એવી ભાલની ઓળખ. આઝાદીનું પરોઢ થવાની તૈયારી હતી ને એક જુવાન જૈન મુનિશ્રી સંતબાલાજી તે વિસ્તારને કાર્યક્ષેત્ર બનાવીને બેઠા. ધર્મદષ્ટિએ સમાજરચના કરવાની ભાવના તેમના દિલમાં બેઠી હતી. લોકોનો સંપર્ક કરતા. સારી વાતો કરતા. ગોચરી કરતા. એમણે એ વિસ્તારમાં જીવનપરિવર્તનનો પંખો ચલાવવા માંડ્યો. થોડી થોડી શીતળ હવા વહેતી થઈ. ભાલની શેકી નાખતી ગરીબીમાં આવી શીતળ હવા થોડા લોકોને ગમી. તેઓ મુનિશ્રી પાસે આવતા થયા. દિલનાં કમાડ ઊઘડવા લાગ્યાં. ત્યાં ભાલ નળકાંઠા સેવા સંઘ નામની સંસ્થા સ્થપાઈ. સહકારી પ્રવૃત્તિ, શિક્ષણ, લોકસેવા ને લોકશિક્ષણ, ખેતીસુધાર ને આરોગ્ય-સેવા - એમ કામોનો વ્યાપ વધતો ગયો તેમ લોકોની મુનિશ્રી પ્રત્યેની શ્રદ્ધા પણ વધતી ગઈ. આઝાદી પછી આર્થિક આબાદીના કામમાં કદમ કદમ કૂચ આરંભાઈ. આજે 50-60 વરસ પછી એ વિસ્તારમાં જે લોકજીવનની નવી તાસીર જોવા મળે છે તે દિલને હાથપંખાની હવા જેવી ઠંડક આપે છે.

મહાત્મા ગાંધીને ખેડા જિલ્લામાં બોરસદ સત્યાગ્રહ વખતે થોડા તેજસ્વી સેવકો મળ્યા. તેમાં હીરા સમાન હતા શ્રી રવિશંકર મહારાજ. ગાંધીની દેશસેવાની હાકલ સાંભળીને સંતાનોની પત્નીને ભાળવણી કરીને રવિશંકર મહારાજ ચાલી નીકળ્યા. બોરસદ સત્યાગ્રહમાં ઉત્તમ કામ કર્યું. એ દરમ્યાન એમને ખેડા જિલ્લાનાં એવાં કેટલાંક ગામ જોવા-જાણવા મળ્યાં કે જે ગામના લોકોને સવાર-સાંજ બે વખત ચોરે હાજરી પુરાવવી પડતી હતી, કારણ કે તે લોકોના માથે ચોરીનું કલંક લાગેલું હતું. એમાંથી ઘણાં ગામ વડોદરા રાજ્યની હકૂમતમાં હતાં. રવિશંકર મહારાજે એવાં ગામોના લોકોનો વિશેષ પરિચય કર્યો. તેમની સાથે જીવનસુધારની વાતો કરીને તેમનો વિશ્વાસ સંપાદન કર્યો ને વડોદરા રાજ્યના પોલીસવડાની પાસે, એવા એક એક ગામની પોતે જવાબદારી લઈને તેમની હાજરીનું કલંક દૂર કરાવ્યું. એ સમય દરમ્યાન ખેડા જિલ્લામાં બહારવટે નીકળેલા કેટલાક બાબર દેવા જેવા બહારવટિયાઓને પણ મળ્યા ને તેમને સમજાવીને બંદૂકોના બદલે તેમના હાથમાં હળ પકડાવ્યું. એમણે સમાજના એવા લોકોને સારા જીવનના માર્ગે ચઢાવ્યા કે જેમની સમાજના કહેવાતા ઉજળિયાતવર્ગોમાં કશી શાખ-આબરૂ રહી નહોતી. એવા લોકોની ભાવિ પેઢીને ઉજાળવા માટે બોચાસણમાં એક શિક્ષણની સંસ્થા વલ્લભ વિદ્યાલય નામની સ્થપાઈ ને તેમાં એ કોમનાં બાળકોને મફત ભણાવવાની શરૂઆત કરી. આગળ જતાં એ સંસ્થામાંથી ભણીને તૈયાર થયેલા જુવાનિયાઓએ વલ્લભ

વિદ્યાલય જેવી બીજી ઘણી શિક્ષણની સંસ્થાઓ સ્થાપી અને એ કોમની નવી પેઢીની કાયાપલટ કરી. આ રીતે ખેતી અને પશુપાલન સુધાર્યું, વ્યસનો છોડાવ્યાં ને તેમને સમાજમાં તેમનો માનમરતબો પુનઃ પ્રાપ્ત કરાવ્યો.

સમાજસેવાને વરેલા સમર્પિત મહાપુરુષો કેવું ક્રાંતિકારી કાર્ય કરી શકે છે તેનાં ઉપર ઉલ્લેખેલાં ઉદાહરણો નમૂનારૂપ દૃષ્ટાંતો છે.

**દમનકારી વ્યવસ્થામાંથી મુક્તિ અને પરિવર્તન**

મુક્તિ લોકોનો પોતાના જીવન પર અધિકાર મેળવવાનો પુરુષાર્થ છે. મોટા ભાગના સામાજિક સંબંધો અસમાન છે. એવાં ઘણાં કારણો છે જેના લીધે વ્યક્તિ પોતાની જાતને પરાધીન તરીકે અનુભવે છે. મોટા ભાગના સમાજોમાં જન્મથી જ છોકરા અને છોકરીને જુદી રીતે ઉછેરવામાં આવે છે. તેમના મનમાં તેમના ભાવિ જીવન અને કાર્ય વિષે જુદા જુદા વિચારોનું સિંચન કરવામાં આવે છે.

વ્યક્તિગત રીતે અને સામૂહિક રીતે સમાજમાં એ માન્યતા ઊંડે સુધી ઘર કરી ગઈ છે કે સ્ત્રી અને પુરુષનાં હિત જુદાં છે અને તેઓ પોતપોતાના હિત વિષે જુદા જુદા વિચારો ધરાવે છે. તેમણે જુદા જુદા પ્રકારના રસ વિકસાવ્યા છે. આવા ભેદ તેમની જુદી જુદી જવાબદારીઓ પાર પાડવામાંથી વિકસ્યા છે. તેથી કુટુંબમાં અને સમાજમાં જાતિ આધારિત શ્રમની વહેંચણી થયેલી છે ને તે પરંપરાગત બની ગઈ છે. તેના કારણે સ્ત્રીઓનું જગત ઘણું મર્યાદિત બની ગયું છે. પુરુષોનું વિશ્વ વ્યાપક તકો પૂરી પાડનારું અને વિશાળ હિતોવાળું છે. તેને લીધે સ્ત્રી અને પુરુષોનાં કાર્યોને પણ ઊતરતાં કે ચઢિયાતાં ગણી લેવાનો ચીલો પડી ગયો છે. આ સમગ્ર વ્યવસ્થાનો પાયો આખરે તો જાતિકરણની પ્રક્રિયા છે. એ પ્રક્રિયાને પરિણામે સ્ત્રીઓની ભૂમિકાને કુટુંબમાં અને સમાજમાં ઘણું ઓછું મહત્ત્વ મળ્યું છે.

આવી સામાજિક અસમાનતા અને ભેદભાવ પાછળ બીજું મહત્ત્વનું કારણ આર્થિક છે. ઘર હોય, જમીન કે પશુઓ હોય, માલમિલકત અને સાધનસંપત્તિ પર સ્ત્રીઓ અને પુરુષોનો અધિકાર અસમાન હોય છે. આર્થિક સાધનોના અસમાન અધિકારોને લીધે તેમની વચ્ચે સત્તાની અન્યાયી વહેંચણી કાયમી બની ગઈ છે. આ વ્યવસ્થા સ્ત્રીઓ ઉપર થતા અન્યાય અને દમનના મૂળમાં રહેલી છે અને એવી અન્યાયમૂલક વ્યવસ્થાની નાબૂદી એ જ મુક્તિ છે. એ દ્વારા જ દમનનો ભોગ બનનારને પોતાના જીવન માટે યોગ્ય પસંદગી કરવાની તક મળે છે.

સ્ત્રીઓને અન્યાયમાંથી મુક્તિ મળે અને પસંદગીનો અધિકાર મળે એટલું પૂરતું નથી. એથી આગળ જઈને સામાજિક મૂલ્યો, વિચારધારાઓ અને રિવાજો બદલવાનું કામ વધારે મહત્ત્વનું છે. પરિવર્તન પહેલાં વિચારમાં થવું જોઈએ, એટલે કે દરેક વ્યક્તિના મનને બદલવાનું છે. કારણ કે વિચાર મનમાં ઉદ્‌ભવે છે ને પછી તે કાર્યમાં પરિણમે છે. તેથી તેમના વિચારોનો સમન્વય થવો જોઈએ. જાતિગત શ્રમવિભાજન અને અધિકારોની અસમાનતામાંથી નિષ્પન્ન થતા અન્યાય અને દમનને નિવારવા માટે બંનેનાં કાર્યોના સમન્વયનો માર્ગ વધારે ઉપયોગી છે.

સમન્વય એટલે એવી પરિસ્થિતિ પેદા કરવી કે જેમાં સ્ત્રીઓ અને પુરુષો સાથે મળીને તેમના જાતિગત શ્રમવિભાજનનો વિચાર કરતાં થાય, તેમાં જરૂરી ફેરફાર કરતાં થાય ને વધારે ન્યાયી વ્યવસ્થાનું નિર્માણ કરે. આ પ્રકારની પદ્ધતિથી જ તેઓ ન્યાયમૂલક કુટુંબ અને સમાજનું સર્જન કરી શકશે. સાચું પરિવર્તન આ જ છે.

એવો ન્યાયી સમાજ રચવા માટે સમાજમાં જ્ઞાતિગત ભેદભાવોનું પણ નિરસન કરવું પડશે. કુટુંબમાં જેમ સ્ત્રીઓને સમાન તકો અને અધિકારો પ્રાપ્ત ન થવાથી તેમને અન્યાય અને દમનનો ભોગ બનવું પડે છે એ

જ રીતે વ્યાપક સમાજમાં પણ જે વર્ગો મિલકતના અધિકારોથી વંચિત છે તેમને દમનનો ભોગ બનવું પડે છે. તેઓ અનેક પ્રકારના સામાજિક અને આર્થિક અન્યાયો સદીઓથી સહન કરતા આવ્યા છે. તેમને તેમના વ્યક્તિગત, કૌટુંબિક કે જ્ઞાતિલક્ષી વિકાસની તકોથી વંચિત રહેવું પડ્યું છે. તેમને ન તો શિક્ષણની તક મળે છે, ન તો નોકરી-ધંધાની. તેમનું જીવન સમાજના સંપન્ન વર્ગો જે મજૂરી કરવા બોલાવે તેના ઉપર નિર્ભર. મજૂરીના કલાક પણ બોલાવનાર નક્કી કરે, મજૂરીનો દર પણ તે જ નક્કી કરે. તેમાંય પાછી પુરુષ અને સ્ત્રીની મજૂરી વત્તી-ઓછી, કામ ભલે બેય સરખું કરતાં હોય. ખેતીમાં કે અન્ય રીતે જ્યારે મજૂરી ન મળે ત્યારે તેમને આવક ન થાય. ઘરમાં થોડીક બચત હોય તે થઈ રહે એટલે એમના નસીબે ભૂખમરો. એવી સ્થિતિમાં પહેલો ભોગ લેવાય નાનાં છોકરાંનો.

અધિકાર વિનાના લોકો પોતાની પરિસ્થિતિ જાતે બદલવા શક્તિમાન હોતા નથી એટલે એમની સામે હિજરત કરીને, પોતાનું ઘર-વતન છોડીને જ્યાં મજૂરી મળે ત્યાં અજાણ્યા પ્રદેશમાં અજાણ્યા લોકો વચ્ચે જઈને રહેવાની પરિસ્થિતિ આવી પડે છે. ભારત આકાશિયા ખેતીનો પ્રદેશ છે. એટલે સૂકા વિસ્તારના લોકો અવારનવાર અનાવૃષ્ટિનો ભોગ બને છે ને મજૂરીકામ માટે તેમને હિજરત કરવી પડે છે. ગુજરાતમાં બનાસકાંઠાના રણકાંઠાવિસ્તારમાંથી આવી રીતે હજારો લોકો કાયમ માટે મહેસાણાનાં ગામડાંમાં જઈને વસી ગયા છે. પંચમહાલ જિલ્લાના આદિવાસી લોકો મોટી સંખ્યામાં ખેડા જિલ્લાનાં ગામોમાં, અમદાવાદ-વડોદરા જેવાં શહેરોમાં બાંધકામઉદ્યોગમાં મજૂરીએ લાગી જાય છે. એ જ રીતે રાજસ્થાનના સૂકા પ્રદેશમાંથી મોટી સંખ્યામાં લોકો ગુજરાતનાં શહેરોમાં નાનીમોટી મજૂરી કરે છે, વેપાર કરે છે અને સ્થાયી થઈ ગયા છે. વસ્તીનું આવું સ્થળાંતર વિષમ સંજોગોમાંથી છુટકારો મેળવવા માટે થતું હોય છે. એ પણ એક પ્રકારનું પરિવર્તન છે. એવી રીતે સ્થળાંતર કરવાથી લોકોને પોતાના મૂળ સ્થળે ન મળતી હોય તેવી કમાવાની વિવિધ તકો મળતી થાય છે ને તે પોતાના જીવનમાં આર્થિક સુધારો લાવી શકે છે.

આવી રીતે પોતાનું વતન છોડીને અન્યત્ર વસનારા લોકો જ્યાં વસે ત્યાં પોતાનો સમાજ રચતા હોય છે અને પોતાના સામાજિક ઉત્સવો, પરંપરાઓ ચાલુ રાખતા હોય છે. તેમ છતાં પણ નવા પ્રદેશમાં, નવા લોકોની વચ્ચે તેમણે રહેવું પડતું હોવાથી એ લોકોની સાથે વ્યવહારો કરવા માટે અનુકૂલન સાધવું જરૂરી હોય છે. એમ કરવામાં એમના સામાજિક માળખામાં પણ અમુક ફેરફાર કે પરિવર્તન તો આવી જ જતું હોય છે. આને આપણે સામાજિક સંવાદિતા કહી શકીએ, સામાજિક સંતુલન પણ કહેવાય. આવી રીતના સામાજિક સંતુલન દ્વારા લોકોના પરસ્પરના સંબંધો મીઠાશવાળા બને છે, એમના માનસિક દૃષ્ટિકોણ વધારે ઉદાર અને વ્યાપક બને છે, એમની જુનવાણી માન્યતાઓ કેટલેક અંશે દૂર થાય છે. લોકોમાં આવા પરિવર્તનની ગર્ભિત શક્યતાઓ અને શક્તિઓ રહેલી હોય છે ને અનુકૂળતા મળતાં કે અનિવાર્યતા આવી પડે ત્યારે એવી શક્તિઓ ખીલી ઊઠે છે.

## સ્વાધ્યાય

**1.** નીચેના દરેક પ્રશ્નનો પાંચ-સાત લીટીમાં જવાબ આપો :

(1) 'કુદરત સતત પરિવર્તનશીલ છે.' દાખલા આપીને સમજાવો.

(2) માણસને પોતાનું રહેઠાણ બનાવવાની ઝંખના કેવી રીતે જાગી ?

(3) બુદ્ધિનિષ્ઠ પરિવર્તન એટલે શું ? ઉદાહરણ આપો.

(4) કઈ-કઈ વૈજ્ઞાનિક શોધોએ માણસની ગતિને વધારી દીધી ?

(5) કયા ખ્રિસ્તીઓ પ્રૉટેસ્ટન્ટ તરીકે ઓળખાય છે ? શા માટે ?
(6) ગુજરાતમાં હરિજનો અને આદિવાસીઓની સેવાનું કામ કોણે કોણે કર્યું ?

**2.** ટૂંક નોંધ લખો :
(1) પં. શ્રીરામ શર્મા (2) માર્ટિન લ્યુથર (3) રામકૃષ્ણ મિશન (4) શ્રી ઠક્કરબાપા
(5) મુનિશ્રી સંતબાલજી (6) શ્રી રવિશંકર મહારાજ

**3.** નીચેનાં વિધાનો બે-ત્રણ વાક્યોમાં કારણો આપીને સમજાવો :
(1) સ્થિર વસવાટની શરૂઆત એ માણસના જીવનમાં મોટું પરિવર્તન હતું.
(2) સમાજમાં વ્યક્તિનો દરજ્જો તેની આર્થિક સ્થિતિ સાથે ગાઢ રીતે સંકળાયેલો છે.
(3) સંપત્તિ અને સત્તાને ઘનિષ્ઠ સંબંધ હોય છે.
(4) માર્ટિન લ્યુથરે ધર્મગુરુઓનો વિરોધ કર્યો હતો.
(5) ભગવાન બુદ્ધે તત્કાલીન ધર્મનો વિરોધ કર્યો હતો.
(6) ભારતમાં ખ્રિસ્તી પાદરીઓએ ગરીબોની સેવાનો માર્ગ અપનાવ્યો.

**4.** નીચેના દરેક પ્રશ્નનો એક વાક્યમાં જવાબ આપો :
(1) માણસે અગ્નિ પ્રગટાવવાની આવડત કેવી રીતે મેળવી ?
(2) માનવ અને અન્ય જીવયોનીઓ વચ્ચે મૂળભૂત તફાવત કયો છે ?
(3) સ્ત્રીઓનો દરજ્જો સમાજમાં કયા કારણે નીચો ગણાઈ ગયો હતો ?
(4) યથાસ્થિતિવાદી લોકો એટલે કેવા લોકો ?
(5) 'ભાલપ્રદેશ' એવું નામ શા માટે પડ્યું છે ?
(6) મુક્તિ એટલે શું ?

**5.** નીચેના દરેક પ્રશ્નની નીચે આપેલા જવાબોમાંથી સૌથી સાચા જવાબનો ક્રમ ☐ માં લખો :
(1) શિકારી પ્રાણીઓ પાસેથી હવે માણસ કેવું કામ લે છે ? ☐
(1) શિકારને પકડવાનું (2) ખેતીનું (3) માલવહનનું (4) મનોરંજનનું
(2) માણસને ઝડપી મુસાફરીનું સૌથી પહેલું કયું સાધન મળ્યું ? ☐
(1) ગાડું (2) હાથી (3) ઘોડો (4) મોટરગાડી
(3) યથાસ્થિતિવાદી લોકો કેવા હોય છે ? ☐
(1) પ્રાપ્ત પરિસ્થિતિમાં જીવનારા (2) સંજોગોને બદલનારા (3) બુદ્ધિથી વિચારનારા
(4) અંધશ્રદ્ધામાં જીવનારા
(4) ખ્રિસ્તી ધર્મપ્રચારકો ગરીબોની સેવા શા માટે કરે છે ? ☐
(1) તેઓ દયાળું છે માટે (2) તેમને સુખી કરવા માટે (3) અંગ્રેજ સરકારનો હુકમ હતો માટે
(4) તેમને ખ્રિસ્તી બનાવવા માટે
(5) એકલ વિદ્યાલય એટલે કેવું વિદ્યાલય ? ☐
(1) એક જ વિદ્યાલય (2) જંગલમાં આવેલું વિદ્યાલય (3) એક શિક્ષકવાળું વિદ્યાલય
(4) એક વિદ્યાર્થીવાળું વિદ્યાલય

•